H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર– ૨ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

| | |
|---|---|
| મારૂ નામ :–જટુભા | પિતા/પતિનુ નામ :–રુપસંગજી જાડેજા<br>ધંધો :–વેપાર |
| ઉમર (આશરે) વર્ષ :– ૪૯ | |
| રહેવાનુ ગામ :–કોડાય (મહાવીર નગર) તા.માંડવી | જીલ્લો : કચ્છ |

સોગંદ આપ્યા.

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરી</u>**

1. આજથી બે ત્રણ વર્ષ પહેલા હું પોલીસના બોલાવવાથી માંડવી પો.સ્ટે. ગયેલ ત્યાં પોલીસે એક પંચનામમાં સહી કરેલી આપેલી ત`સીવાય બીજુ કાઈ જાણતો નથી.હું પોલીસ સાથે કોઈ જગ્યા ગયેલ નથી કે મારી હાજરીમાં પોલીસે કોઈ ચીજવસ્તુ કબ્જે કરેલ નથી.
2. મને નામ. કોર્ટના રેકર્ડમાંથી માર્ક ૧૧/૩વાળી પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–**૪૦**
3. મને નામ.કોર્ટમાંથી મુદામાલ આર્ટીકલ નં.૧ થી ૫ દુપટાનો કપડો **,** ૩ ના પુમડાઓ તથા છરી બતાવવામાં આવે છે આવો કોઈ મુદામાલ પોલીસ ` મારી હાજરીમાં કબજે કરેલ હોય તેવુ બનેલ નથી કે તેની અંદરથી

______________

**સાહેદની સહી**

નીકળતી પંચ સ્લીપોમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખુ છે જે અનુક્રમે રજુ દાખલ આંક– **૪૧ થી ૪૫.**

4. **હોસ્ટાઈલ :** વિ.એ.પી.પી.શ્રી સાહેદને પોતાના આગલા લખાણથી વિરુધ્ધની હકીકતો જણાવતા હોવાથી ફરી ગયેલા જાહેર કરી પુરાવા ધારા કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગે છે જેથી પરવાનગી આપવામાં આવે છે અને સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવે છે.

5. એ વાત ખરી નથી કે તા.૨૭–૬–૨૦૨૦ ના રોજ પોલીસના બોલાવવાથી મહાવીર નગર કોડાય પુલ તા. માંડવી ખાતે ખીમજીભાઈ ભીમજીભાઈ મોતાના ઘરે ગયેલા અને ખીમજીભાઈએ બનાવવાળી જગ્યા બતાવેલી અને ત્યાંથી પોલીસે મુ.માલ આર્ટીકલ નં. ૧ થી ૫ વાળા અમારી હાજરીમાં કબજે કરેલ.

6. એ વાત ખરી નથી કે ઉપરોકત કાર્યવાહી મારી હાજરીમાં થયેલ હોવા છતા આરોપીઓને બચાવવા સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

સરતપાસ પૂરી.

7. ઉલટ તપાસ :– આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.ડી.કનૈયા

ઉ.ત. નથી.

ફેરતપાસ નથી.

ભુજ–કચ્છ.

તારીખ : ૧૮/૧૨/૨૦૨૪

---

**સાહેદની સહી**

સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.

મારી રૂબરૂ

આઠમાં અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

સાહેદની સહી